# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# JAMIN DIVAS

રાજ્યમાં છેલ્લા 2 દાયકામાં ખેડૂતોને 2 કરોડ 15 લાખ જેટલા સૉઈલ હેલ્થ કાર્ડ એટલે કે, જમીન આરોગ્ય કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, 'સૉઈલ હેલ્થ કાર્ડ યોજના થકી રાજ્યના અનેક ખેડૂતોએ પોતાની બિન-ખેતીલાયક જમીનને ખેતી-લાયક બનાવી છે.' જમીનની તંદુરસ્તી માટે આ યોજના અમલમાં મુકવાવાળું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2003-04માં સૉઈલ હેલ્થ કાર્ડ યોજના અમલમાં મુકી હતી. આ યોજના અંતર્ગત નિયત પદ્ધતિથી ખેડૂતોના ખેતરમાંથી જમીનનો નમૂનો લઈને તેને પૃથક્કકરણ માટે જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. હાલમાં રાજ્યમાં જમીનના પૃથક્કરણ માટે એક સુક્ષ્મ તત્વ અને 21 જમીન ચકાસણી પ્રયોગશાળા કાર્યરત્ છે.

ઉલ્લેખનીય છે કે, જમીનની ગુણવત્તા જાળવી રાખવા તેમજ જમીન સંરક્ષણની જરૂરિયાત અંગે લોકજાગૃતિ કેળવવા દર વર્ષે 5 ડિસેમ્બરને "વિશ્વ જમીન દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ જમીન દિવસની ઉજવણી "જમીનની સંભાળ: માપ, દેખરેખ, વ્યવસ્થા" વિષયવસ્તુના આધારે કરવામાં આવી રહી છે.

--------------

# ARVALLI KHEL MAHAKUMBH

રાજ્યમાં ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા માટે આવતીકાલથી ઓનલાઇન નોંધણી શરૂ થશે. ગ્રામ્ય કક્ષાથી રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે આવતીકાલથી 25મી ડિસેમ્બર સુધી નોંધણી કરી શકાશે.

દરમિયાન અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને રમતગમત વિભાગે આવતીકાલથી શરૂ થતાં ખેલ મહાકુંભની નોંધણી માટેની તૈયારીઓ હાથ ધરી છે. આ અંગે જિલ્લાના રમતગમત અધિકારી પ્રકાશ કલાસવાએ માહિતી આપી હતી.

(બાઈટઃ પ્રકાશ કલાસવા, રમતગમત અધિકારી, અરવલ્લી)

--------------

## KHYATI HOSPITAL AROPI

અમદાવાદ ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ કેસમાં અમદાવાદ ગુનાશાખાએ વધુ એક આરોપી ડૉ. સંજય પટોલિયાની આજે ધરપકડ કરી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, આ ગેરરીતિ મામલે વસ્ત્રાપુર પોલીસમથકે ત્રણ અલગઅલગ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં ડૉ. સંજય પટોલિયાનું પણ નામ હતું. તેણે અમદાવાદ ગ્રામ્ય

અદાલતમાં કરેલી આગોતરા જામીન અરજી ગઈકાલે અદાલતે નકારી કાઢી હતી.

આરોપી ડૉ. સંજય પટોલિયા બેરિયાટ્રીક સર્જન છે. તે 25 વર્ષથી તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલો છે.

ઉલ્લેખનીય છે કે ખ્યાતિ હોસ્પિટલ ગેરરીતિ કેસમાં અત્યારસુધીમાં 7 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે હજુ બે આરોપી ફરાર છે.

--------------

## GUJARAT ACCIDENT

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ત્રણ વ્યક્તિના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે. જ્યારે 2 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. મળતી માહિતી અનુસાર, નડીયાદ બિલોદરા બ્રિજ પાસે એક કારનું ટાયર ફાટતા તે રસ્તાની બીજી બાજું જતાં ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. ત્યારબાદ કારમાં સવાર પાંચ લોકોમાંથી ત્રણ લોકોના મોત નીપજ્યા હતા.

અકસ્માતની જાણ થતાં નડીયાદ ગ્રામ્ય પોલીસ અને એક્સપ્રેસ રાજમાર્ગ પેટ્રોલિંગની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ મૃતદેહોને પૉસ્ટમોર્ટમ માટે સિવિલ હૉસ્પિટલ લઈ જવાયા હતા.

--------------

# KUTCH NAVY DAY RALLY

કચ્છના ભુજમાં આજે નૌકાદળ દિવસની ઉજવણી અંતર્ગત રેલી અને નાટક સહિતના કાર્યક્રમો યોજાઈ ગયા. જિલ્લાના યુવકો ભારતીય સેનામાં જોડાય અને તેઓ જાગૃત થાય તે હેતુથી ભુજ ભારતીય ભુજ દરિયાઈ એકમ 5 દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં NCC એટલે કે, રાષ્ટ્રીય છાત્રસેનાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

--------------

# DAMAN MULAKAT

મુંબઈમાં અમેરિકી રાજદૂતના કાઉન્સેલ જનરલ માઈક હેન્કી આજથી દમણની મુલાકાતે આવ્યા છે. શ્રી હેન્કીએ દમણ દરિયાકાંઠા, નમો પથ લાઈટ હાઉસ અને દમણ મ્યુનિસિપલ સભ્યના સ્થળોની મુલાકાત લીધી હતી. દરમિયાન તેઓ પારસી ધર્મના પ્રતિનિધિઓ સાથે ઉદવાડા પણ ગયા હતા. આ મુલાકાત દરમિયાન શ્રી હેન્કીએ પારસી ધર્મના ઇતિહાસ અને તેમના યોગદાન અંગે માહિતી મેળવી હતી.

--------------

# PROJECT SAPNU

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે  જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા 7 ડિસેમ્બરે "પ્રોજેક્ટ સપનું" કાર્યક્રમ જાહેર કરાશે.

"પ્રોજેક્ટ સપનું" વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી ઘડવા અસરકારક ભૂમિકા ભજવશે. વિદ્યાર્થીઓને મૂંઝવતા વિવિધ પ્રશ્નોનું સમાધાન હોલેન્ડ કોડસ એપ્ટીટ્યુટ ટેસ્ટ થકી શક્ય છે. જેના થકી વિદ્યાર્થીઓને પોતાની રસ-રૂચિ જાણી શકાય અને વિદ્યાર્થીઓને ક્યાં ક્ષેત્રમાં પોતાની કારકીર્દી સફળ બનાવી શકાય તેનું સંપુર્ણ જ્ઞાન-માહિતિ-માર્ગદર્શન મળી રહે છે. વર્ષ ૨૦૨૫-૨૬ થી સમગ્ર જિલ્લાની સરકારી અને અનુદાનિત શાળાઓને આવરી લેવાશે તેમ, રોજગાર અધિકારી પાલનપુર દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

--------------